ફરીયાદ રજૂ તારીખ     :–૧૩–૧૦–૨૦૨૨
ફરીયાદ દાખલતારીખ :–  ૧૩–૧૦–૨૦૨૨
ફરીયાદનિકાલ તારીખ :– ૧૯–૦૫–૨૦૨૩
સમય અવધિ          :–વર્ષ   માસ   દિવસ

## તળાજાનાં એડી. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ. મું.તળાજા

ફોજદારી કેસ નં.૨૦૦૬/૨૦૨૨
આંક :–

ફરિયાદી    :    સરકાર શ્રી

**વિરૂધ્ધ**

આરોપી    :    હિતેન્દ્રસિંહ ઉર્ફે મુન્નાભાઈ વનરાજસિંહ ગોહીલ
રહે.ભાખલ ગામ,તા. તળાજા, જિ.ભાવનગર.

સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી
આરોપી તરફે વિ. વ.શ્રી એ.વાય. લાખાણી

ગુન્હો :પ્રોહીબીશન એકટની કલમ–૬૫/એ.એ. મુજબ.

## –: ચુકાદો :–

(૧) ફરિયાદ પક્ષનાં કેસની હકીકત ટૂંકમાં એવી છે કે,
આ કામના આરોપીએ તા.૦૪–૦૬–૨૦૨૨ નારોજ કલાક ૧૬–૪૦ વાગ્યે ગેરકાયદેસર રીતે, પાસ પરમીટ વગર પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ લીટર–૦૬ કી.રૂા.૧૨૦/–ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર મળી નહી આવતા, આ કામનાં ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ સબંધીત પો.સ્ટે.માં પ્રોહી. ૬૫/એ.એ. અન્વયે ફરીયાદ આપતાં, તપાસનાં અંતે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં હાલનાં ગુના અન્વયે અત્રેની અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આરોપી વિરૂધ્ધનું ચાર્જશીટ દાખલ થતા આરોપીને પ્રોસેસ કરતા આરોપી હાજર થતા ફોજદારી કાર્યવાહી અધીનીયમ, ૧૯૭૩ ( હવે પછી થી ટુકમાં ''ફો.કા.અ'' તરીકે ઉલ્લેખ કરેલ છે.) ની કલમ ૨૦૭ મુજબ આરોપીને પોલીસ પેપર્સની નકલો પુરી પાડી આરોપી વિરૂધ્ધ આંક–૩ થી સદર કલમ–૨૨૧ હેઠળના ગુના માટેનો ચાર્જ

ફરમાવી, આંક–૪ મુજબ આરોપીનો જવાબ રેકર્ડ કરતા આરોપીએ તેમની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની કાર્યવાહી આગળ ચલાવવામા આવેલ.

(૩) ફરીયાદ પક્ષે તેમના કેસના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(અ) મૌખિક પુરાવા :–

| | | |
|---|---|---|
| (૧) | અશોકભાઈ નારણભાઈ ધાંધલ્યાની જુબાની | આંક–૦૬ |
| (૨) | પંચ સાહેદ પ્રકાશભાઈ મથુરામભાઈ ધાંધલ્યાની જુબાની | આંક–૧૦ |
| (૩) | પંચ સાહેદ વિનોદભાઈ ધનજીભાઈ ડાભીની જુબાની | આંક–૧૧ |

(બ) દસ્તાવેજી પુરાવા :–

| | | |
|---|---|---|
| (૧) | ફરીયાદની નકલ | આંક–૦૭ |
| (૨) | પંચનામું | આંક–૦૮ |
| (૩) | એફ.એસ.એલ. રવાનગી | આંક–૦૯ |

આ કામે ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજુ કરવા માંગતા નથી તેમ એ.પી.પી.શ્રી ધ્વારા મૌખિક જાહેર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો પુર્ણ થયેલાનું જાહેર કરેલ છે.

(૪) ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતા ફો.કા.અ.ની કલમ ૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન લેવા લાયક પુરાવો પડેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામા આવેલ નથી.

(૫) બન્ને પક્ષે દલીલો સાંભળવામાં આવેલ છે. વિ.એ.પી.પીશ્રીએ પોતાની દલીલમાં જણાવેલ છે કે, ફકત પંચ સાહેદો ફરીયાદ પક્ષના કેસને સર્મથન આપતા ન હોવાના માત્ર કારણસર ફરીયાદ પક્ષનો કેસ ફગાવી દઈ શકાય નહી જેથી આરોપી સામેનો કેસ ફરીયાદ પક્ષે સાબીત કરેલ હોય આરોપીને મહતમ સજા કરવી જોઈએ.આરોપીના વિ.વ.શ્રીએ દલીલમા જણાવેલ છે કે જયારે જે પંચ સાહેદોની હાજરીમાં ફરીયાદ પક્ષે મુદામાલ કબજે કરેલ હોવાનો ફરીયાદ પક્ષનો કેસ છે તે પંચ સાહેદો તેઓએ ફકત તૈયાર પંચનામામાં સહી જ કરેલ હોવાની અને પંચનામાની હકીકતે તેઓ કંઈ જાણતા નહીં હોવાની હકીકત જણાવતા હોય, ત્યારે સમગ્ર રેડ શંકાસ્પદ બને છે. આ કામે પંચોની ઉલટ તપાસ ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે ખુબજ બેદરકારીથી રૂટીંગ પંચોને પંચ સાહેદ તરીકે રાખેલ છે. જેથી ફરીયાદ પક્ષના કેસમાં મહત્વની શંકા ઉભી થાય છે. પોલીસ સાહેદોની જુબાની નેચરલ નથી અને સંખ્યાબંધ હકીકતો કે જે સમગ્ર

રીતે કોઈપણ વ્યકિતને યાદ ન રહી શકે તેવી કોઈપણ જાતના ડોકયુમેન્ટ રીફર કર્યા સિવાય પોલીસ સાહેદો મોઢે જણાવે છે જે બાબત સદર સાહેદોની જુબાની નેચરલ હોવાનું જણાતું નથી. આથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઈએ.

આરોપીના વિ.વ.શ્રીએ વધુમાં તેઓની દલીલમાં મહંમદ હુશેન બી. રમજાન વિ. સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર ૧૯૯૪ ક્રિમિનલ લો જર્નલ ૧૦૨૦ ના કેસમાં નામદાર મુંબઈ હાઈકોર્ટના ચુકાદા ઉપર આધાર રાખેલ છે. અને આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૬) સદર કેસના આખરી નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિતિ થાય છે.

**– મુદ્દા –**

૧. શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ તા.૦૪–૦૬–૨૦૨૨ નારોજ કલાક ૧૬–૪૦ વાગ્યે ગેરકાયદેસર રીતે, પાસ પરમીટ વગર પોતાના કબજા ભોગવટામાં દેશી દારૂ લીટર–૦૬ કી.રૂા.૧૨૦/–ના મુદામાલ સાથે રેઈડ દરમ્યાન હાજર મળી નહી આવી પ્રોહી. ૬૫/એ.એ. મુજબનો શીક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૨. શું હુકમ?

(૭) ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.   (૨) આખરી હુકમ મુજબ.

**–: કા ર ણો :–**

**મુદ્દાનંબર–૧ અને ૨ અંગે :–**

(૮) આ કામે ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવો ધ્યાને લેતાં ફરીયાદ પક્ષે તપાસેલ પંચ સાહેદો કે જેઓની હાજરીમાં આરોપી પાસેથી મુદામાલ કબજે કરવામાં આવેલ હતો. અને જેઓ વાદગ્રસ્ત રેડના સ્વતંત્ર સાહેદો છે. તે પંચ સાહેદો તેઓની હાજરીમાં કોઈ મુદામાલ કબજે કરવામાં આવેલ હોવાનું જણાવતા નથી. અને તેઓ પોલીસના કહેવાથી તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવે છે. વધુમાં આરોપી પક્ષે કરવામાં આવેલ ઉલટ તપાસમાં પણ કબુલ રાખે છે કે આ સિવાય પણ સંખ્યાબંધ વખત પોલીસ તેઓની આ રીતે તૈયાર કાગળમાં સહીઓ લીધેલ છે. આમ આ કામે પંચ સાહેદોની જુબાની ફરીયાદ પક્ષના કેસને સમર્થન કરતી નથી. ઉપરોકત આરોપી પક્ષે આધાર રાખવામાં આવેલ મહંમદ હુશેન બી. રમજાન ના કેસનો ચુકાદો ધ્યાને લેતાં વાદગ્રસ્ત રેડ શંકાસ્પદ ગણાય છે. પોલીસ સાહેદોની જુબાની ધ્યાને લેતાં તેઓની જુબાની નેચરલ જણાતી નથી. તથા તેઓની ઉલટ તપાસ ધ્યાને લેતાં બનાવવાળી જગ્યાએથી સ્વતં ત્ર સાહેદો મળી શકે તેમ હતાં છતાં કોઈ સ્વતંત્ર સાહેદો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી. તથા પોલીસ સાહેદ રેડીંગ પાર્ટીના સાહેદ છે અને ફકત રેડીંગ પાર્ટીના સાહેદની

જુબાનીના આધારે જ આરોપીને તકસીરવાન ઠરાવવા જોખમકારક છે. બનાવ સ્થળની માલીકી કબજા બાબતે કોઈ પુરાવો ફરીયાદ પક્ષે રજુ રાખેલ નથી. આમ, સદર પંચોની રૂબરૂમાં રેઈડ કરનાર પોલીસ પાર્ટીએ આ કામના આરોપી પાસેથી પ્રતિબંધીત મુદ્દામાલ કબજે કર્યો હોવાની હકીકત વ્યાજબી શંકાથી પર પ્રસ્થાપિત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડયો છે. જેથી આરોપીને શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવા ન્યાયોચિત જણાતું હોય, મુદા નં.૧ નો જવાબ નકારમાં આપી મુદા નં. ૨ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**-:: હુ ક મ ::-**

૧. આ કામના આરોપીને ક્રિ.પો.કો.ક.-૨૪૮(૧) અન્વયે, પ્રોહી. એકટની કલમ-૬૫/એ.એ. મુજબનાં શિક્ષાનેપાત્ર ગુન્હામાંથી પુરાવાના અભાવે, નિર્દોષ ઠરાવી, છોડી મુકવાનો હુકમ કરવામા આવે છે.

૨. મુદામાલ પાવતીમા રજુ મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો.

૩. આરોપીએ સી.આર.પી.સી.ક.૪૩૭(એ) અન્વયે અપીલ સમય સુધીના જામીન રજુ કરવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કયો

સ્થળ : તળાજા
તા. ૧૯/૦૫/૨૦૨૩

(ચંદ્રશેખર રાજવીર શર્મા)
એડી.જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,તળાજા.
Code No. Gj 01562

કે.એ. ખાણધર.